બુલેટ ટ્રેન : જાપાનના મંત્રી સુરતમાં

રેલમંત્રીએ જાપાની મંત્રીને વંદે ભારતના પાયલટ કેબિનમાં લઈ જઈ ટ્રેન વિશે માહિતી આપી

સુરતઃ મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ (બુલેટ ટ્રેન) ની પ્રગતિનું નિરીક્ષણ કરવા માટે કેન્દ્રીય રેલમંત્રી અશ્વિની વૈષ્ણવ અને જાપાનના મંત્રી હિરોમાસા નાકાનો શુક્રવારે સુરતની હાઈ-સ્પીડ રેલ નિર્માણ સાઈટની મુલાકાતે પહોંચ્યા હતા. આ રેલમંત્રીની પાંચ દિવસમાં સુરતની બીજી મુલાકાત છે. આ પહેલાં તેઓ 27 સપ્ટેમ્બરે ઉધના-બ્રહ્મપુર અમૃત ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવવા સુરત આવ્યા હતા.

જાપાની મંત્રી હિરોમાસા નાકાનો શુક્રવારે સુરત એરપોર્ટ પર પહોંચ્યા, જ્યાં તેમનું પરંપરાગત ગરબા નૃત્ય સાથે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ રેલમંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે તેઓ સીધા હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ સાઈટ પર પહોંચ્યા હતા. બંને મંત્રીઓએ નિર્માણ કાર્યની ઝીણવટભરી તપાસ કરી અને પ્રોજેક્ટની પ્રગતિનું વિગતવાર નિરીક્ષણ કર્યું હતું. બંનેએ કામની ગુણવત્તા અને ઝડપથી ખુશી વ્યક્ત કરી અને ઈજનેરી ટીમની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે રેલમંત્રી વૈષ્ણવે જણાવ્યું કે, આ પ્રોજેક્ટ ભારત અને જાપાન વચ્ચેના મજબૂત સહયોગનું પ્રતીક છે, જે દેશને આધુનિક રેલ ટેકનોલોજી સાથે જોડવાનો માર્ગ મોકળો કરશે.

નોંધનીય છે કે, સુરત જેવા ઔદ્યોગિક શહેરમાં હાઈ-સ્પીડ રેલના પ્રારંભિક કામથી આખા કોરિડોરની પ્રગતિને નવો આયામ મળશે.

આ ટ્રેન દેશની પ્રથમ બુલેટટ્રેન છે જે વડા પ્રધાન મોદીનું પણ સ્વપન છે. આ પ્રોજેક્ટ માટે સૌથી મોટો પડકાર જમીન સંપાદનનો હતો જે પૂર્ણ કરવામાં સફળતા મળી છે અને તેના ટ્રેક અને તે જ્યાંથી દોડવાની છે તે પુલોનું કામ પણ ખૂબ જ ઝડપથી ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટ જાપાનની જાયકા સાથે થઇ રહ્યો હોવાથી ત્યાંના મંત્રીએ મુલાકાત લીધી હતી.

વંદે ભારત ટ્રેનમાં સફર પણ કરી

બપોરે બંને મંત્રીઓ સુરત રેલવે સ્ટેશન પર પહોંચ્યા, જ્યાં તેમણે વંદે ભારત ટ્રેનથી મુંબઈ જવાનો નિર્ણય લીધો. રેલમંત્રીએ જાપાની મંત્રીને સૌથી પહેલા વંદે ભારતના પાયલટ કેબિનમાં લઈ જઈને ટ્રેન વિશે માહિતી આપી હતી. ત્યારબાદ બંને મંત્રીએ એક્ઝિક્યુટિવ ક્લાસ કોચમાં મુસાફરી કરી હતી. આ દરમિયાન જાપાની મંત્રી સ્વદેશી વંદે ભારતની પ્રશંસા કરી હતી.

હાઈકોર્ટના જસ્ટિસે નવી કોર્ટની જગ્યા માટે વિઝિટ કરી

આવતીકાલે સવારે જીઆવ બુડિયા જગ્યાનું પણ નિરીક્ષણ

બાદમાં જસ્ટિસ અને સુરત વકીલમંડળ વચ્ચે મિટીંગ યોજાઇ તેવી શક્યતા

સુરતઃ સુરત જિલ્લા કોર્ટ માટે પ્રસ્તાવિત નવી અદ્યતન બિલ્ડિંગના નિર્માણને લઈને લાંબા સમયથી ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ અને અન્ય અધિકારીઓએ શુક્રવારે સાંજે અઠવાલાઈન્સ લાલ બંગલા પાસે આવેલા મરઘાં ફાર્મની જગ્યાનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. આ જગ્યાને વૈકલ્પિક સ્થળ તરીકે પસંદ કરવામાં આવી છે. જ્યારે પહેલાની પ્રસ્તાવિત જીઆવ બુડિયા જગ્યા પ્રદૂષણયુક્ત હોવાના કારણે અટકાવી દેવા માટે માંગ ઊઠી હતી.

આ નિરીક્ષણમાં દક્ષિણ ગુજરાતની અદાલતોના યુનિટ જજ એ.એસ. સુપૈયા સહિત જસ્ટિસ ઈલેશ વોરા, જસ્ટિસ એમ.આર.મેગડે, જસ્ટિસ પી.એમ.રાવલ, રજિસ્ટ્રાર જનરલ એસ.ડી.સુથાર, ઈનચાર્જ લીગલ સેક્રેટરી યુ.એમ.ભટ્ટ અને ગુજરાત રાજ્યના ચીફ આર્કિટેક્ટ વિશાલ વ્યાસે ભાગ લીધો હતો. તેમની સાથે સુરતના મુખ્ય જિલ્લા ન્યાયાધીશ આર.એ.ત્રિવેદી, ડેપ્યુટી કલેક્ટર રબારી અને કલેક્ટર કચેરીના અન્ય અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. કલેક્ટર કચેરીના અધિકારીઓએ જસ્ટિસને જગ્યા સંબંધિત વિગતો અને નકશા પૂરા પાડ્યા હતા. જેના આધારે વિગતવાર ચર્ચા અને સરવે કરવામાં આવ્યો હતો.

સુરત જિલ્લા વકીલમંડળના પ્રમુખ અને અન્ય હોદ્દેદારો તેમજ કોર્ટ બચાવ કમિટીના સભ્યો પણ આ પ્રસંગે મરઘાં ફાર્મના કેમ્પસમાં હાજર રહ્યા હતા. જો કે, વકીલોને ફાર્મની અંદર પ્રવેશ આપવામાં આવ્યો ન હતો અને તેઓ કેમ્પસની બહાર જ ઊભા રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું. આ જગ્યા આશરે 35 હજાર ચોરસ વારની છે અને તેને સુરતના વકીલોએ પસંદ કરી છે. આ પહેલા સુરતના પૂર્વ ડિસ્ટ્રિક્ટ જજ આર.ટી. વચ્છાણીના કાર્યકાળ દરમિયાન આ જગ્યાને અંતિમ મંજૂરી આપવાનો પત્ર જારી કરવામાં આવ્યો હતો.

નવી કોર્ટ બિલ્ડિંગ અદ્યતન સુવિધાઓ અને નવીન ટેક્નોલોજીથી સજ્જ કરવાની યોજના છે, જે સુરતની ન્યાય વ્યવસ્થાને વધુ કાર્યક્ષમ બનાવશે. જસ્ટિસ અને અધિકારીઓએ સરવેના આધારે વિચાર-વિમર્શ કર્યો હતો અને આવતીકાલે સવારે જીઆવ બુડિયા જગ્યાનું પણ નિરીક્ષણ કરવાનું છે. બંને જગ્યાના સરવે પછી જસ્ટિસ અને સુરત વકીલમંડળ વચ્ચે મીટિંગ યોજાય તેવી શક્યતા છે, જેમાં અંતિમ નિર્ણય લેવાઈ શકે તેમ લાગી રહ્યું છે.

શહેરમાં રત્નકલાકાર સહિત બેનો ઝેર પી આપઘાત

સુરતઃ શહેરમાં બે અલગ અલગ બનાવમાં રત્નકલાકાર સહિત બે શખ્સે ઝેર ગટગટાવી આત્મહત્યા કરી લીધી હતી. મળતી માહિતી મુજબ, મૂળ રાજકોટના વતની અને હાલ કાપોદ્રા લક્ષ્મણનગર ખાતે આવેલ પ્રભુકૃપા સોસાયટીમાં રહેતા બાંધકામ કોન્ટ્રાક્ટર નિલેશ લક્ષ્મણભાઈ સાવલિયાએ (ઉ.વ.45) ગુરુવારે રાત્રે નાનાવરાછા ગિરનાથ સોસાયટી ખાતે ચાલતી કન્સ્ટ્રક્શન સાઇટ પર ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી. અન્ય બનાવમાં, મૂળ ભાવનગરના વતની અરવિંદ ભૂપતભાઈ નાકરાણી (ઉ.વ.48) હાલ સિંગણપોર વિસ્તારમાં આવેલી નેન્સી રેસિડેન્સીમાં રહેતા હતા અને રત્નકલાકાર તરીકે કામ કરતાં હતાં. ગુરુવારે રાત્રે તેણે ઘરમાં ઝેર પી લીધી હતી. ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

ગોડાદરાના ત્રણ મિત્રની બાઈક સ્લિપ થતાં એક મિત્રનું મોત

સુરતઃ માં અંબાની પ્રતિમાનું વિસર્જન કરવા ડુમસ જતા ગોડાદરાના ત્રણ મિત્રની બાઈક સ્લિપ થતાં એકનું મોત નીપજ્યું હતું. તો અન્ય બે મિત્રને ઇજા થઈ હતી. મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ ગોડાદરા ખાતે આવેલબ ક્રિષ્નાનગરમાં રહેતા રાજુ ત્રિભુવન પટેલ (ઉ.વ.32) રાજુ અને તેના બે મિત્રો નાગેન્દ્ર તથા પંકજ સાથે કાલે સાંજે માં અંબેની મૂર્તિ વિસર્જન કરવા માટે બાઈક પર ડુમસ જઈ રહ્યા હતા. દરમિયાન એરપોર્ટ પાસે આવેલા કુવાળા ત્રણ રસ્તા પાસેથી પસાર થતી વેળા તેમની બાઈક સ્લિપ થઈ જતાં નાગેન્દ્ર અને પંકજને સામાન્ય ઈજા પહોંચી હતી. જ્યારે રાજુને ગંભીર ઈજા થઈ હતી. તેનું નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું.

ઘરકંકાસના બે બનાવમાં બે યુવકે જીવન ટુંકાવ્યું

સુરતઃ ઘરકંકાસને કારણે બે બનાવમાં બે યુવકે આત્મહત્યા કરી લીધી હતી. મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ ઉધના હરિનગર-1 ખાતે આવેલી સહયોગ સોસાયટીમાં 30 વર્ષીય સાગર સુભાષ આહિરેએ ગુરુવારે રાત્રે નશો કર્યા બાદ ઘરે આવીને પત્ની સાથે ઝઘડો કર્યો હતો. ત્યારબાદ પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. અન્ય બનાવમાં, મૂળ ઓરિસ્સાના વતની મણિલાલ માર્કન્ડ રાવ (ઉ.વ.34) હાલ લસકાણા પાવર હાઉસ પાસે આવેલા વિપુલનગર પાસે એક હોટલમાં કામ કરીને ત્યાં જ રહેતો હતો. ગુરુવારે રાત્રે તેમનો વતનમાં રહેતી પત્ની સાથે ઝઘડો થયા બાદ તેમણે ફાંસો ખાઇ લીધો હતો.

ઓલિમ્પિકની તૈયારી પછી, પહેલા સ્કૂલોમાં ખેલ શિક્ષકો તો આપો

સમિતિની શાળાઓમાં 400ની જરૂરીયાત સામે માત્ર 50 ખેલ શિક્ષકો અને શિક્ષકો પાસે ઇતર પ્રવૃત્તિ મુદ્દે વિપક્ષે શાસકોને આડે હાથ લીધા

સમિતિની શાળાની હાલત

» સમિતિની શાળાઓમાં 92 શિક્ષકની ઘટ છે

» 400થી વધુ શાળાઓ વચ્ચે માત્ર 50 ખેલ શિક્ષકો

» છેલ્લા ચાર માસમાં શિક્ષકોને વધારાની 40 પ્રવૃતિઓ થમાવી દેવાઇ

સુરતઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સામાન્ય સભામાં શિક્ષકોની ઘટ મુદ્દે વિપક્ષે ભારે વિરોધ કર્યો હતો. સભામાં પાંચ મુખ્ય કામ અને ગેજેટ સહિતના અનેક પ્રસ્તાવોને મંજૂરી આપવામાં આવી હતી. વિપક્ષ દ્વારા શિક્ષકોની અછત, શિક્ષણની ગુણવત્તા અને તેમને સોંપાતી બિન-શૈક્ષણિક કામગીરીના મુદ્દે ભારે વિરોધ કરવામાં આવ્યો હતો. સમિતિના અધ્યક્ષ રાજેન્દ્ર કાપડિયાએ સ્વીકાર્યું કે હાલ 92 શિક્ષકની ઘટ છે અને રાજ્ય સરકારના નવા પરિપત્ર અનુસાર હવે સ્થાનિક સ્તરે ભરતી શક્ય બની છે, જેના માટે મહેનતાણું સરકાર જ ચૂકવશે. તેમણે દિવાળી બાદ તાત્કાલિક ભરતીની ખાતરી આપી હતી.

વિપક્ષી સભ્ય તથા 'આપ' ગુજરાતના પ્રદેશ મહામંત્રી રાકેશ હીરપરાએ આક્ષેપ કર્યો હતો કે, વર્ષોથી શિક્ષકોની ખોટ હોવા છતાં માત્ર આશ્વાસન આપવામાં આવે છે, જેની સીધી અસર હજારો વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પડી રહી છે. તેમણે વધુમાં ઉલ્લેખ કર્યો કે 400થી વધુ શાળાઓ સામે ખેલ શિક્ષકોની સંખ્યા માત્ર 50 છે, તો 2036ના ઓલિમ્પિકને ધ્યાનમાં રાખી રમતોનું આયોજન કાગળ પર જ સીમિત રહેશે. સાથે ચિત્ર અને સંગીત શિક્ષકોની પણ તાત્કાલિક ભરતી કરવાની માંગણી થઈ હતી.

વિપક્ષે કેન્દ્ર સરકારના તાજેતરના રિપોર્ટનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે શિક્ષણ પ્રદર્શનમાં નબળા દસ રાજ્યમાં ગુજરાતનો સમાવેશ થાય છે, જેના બે મુખ્ય કારણ છે - શિક્ષકોની અછત અને બિન-શૈક્ષણિક કાર્યોનું ભારણ.

માત્ર ચાર મહિનામાં શિક્ષકોને 40 જેટલી પ્રવૃત્તિઓ અને સરકારી જવાબદારીઓ સોંપાઈ હોવાને કારણે તેઓ વર્ગખંડમાં પૂરતો સમય આપી શકતા નથી, જેની માઠી અસર વિદ્યાર્થીઓના અભ્યાસ પર પડે છે. હીરપરાએ શિક્ષણ સમિતિની બજેટ સામાન્ય સભામાં શિક્ષકોને સરકારી કાર્યક્રમોથી દૂર રાખવામાં આવે, શિક્ષકોને વધુમાં વધુ સમય વર્ગખંડમાં આપવા દેવામાં આવે, જેથી કરીને શિક્ષણની ગુણવત્તા સુધરી શકે તેવી માંગ કરી હતી.

ભાગળ પર વેપારી સાથે ઝઘડો કરી રોકડની ચોરી

ચાલતા જતાં વેપારીને મોપેડસવાર ચોરોએ દૂર ચાલવાનું કહી ઝપાઝપી કરી હતી

સુરતઃ ભાગળ વિસ્તારમાં ભરદિવસમાં કપડાના વેપારી સાથે બાઈક અને મોપેડ સવાર ચાર ઈસમે ઝપાઝપી કરી પેન્ટના ખિસ્સામાંથી 98 હજાર રૂપિયા રોકડની ચોરી કરી લીધા હતા.

ચોરીનો શિકાર બનેલા વેપારીએ બૂમાબૂમ કરી દેતાં પણ તેઓ બાઈક ભગાડી સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

મૂળ ઉત્તરપ્રદેશના દશવંતપુર લાલપુર કરૌતાના વાતની અને હાલ કતારગામ દરવાજા વિસ્તારમાં રહેતા ગુફરાન ગુલ્ફામ હુસૈન કપડાના વેપાર સાથે સંકળાયેલા છે.

બુધવારે બપોરે તેઓ ભાગળ ચાર રસ્તા પરથી રૂવાળા ટેકરા શાકભાજી માર્કેટ તરફ ચાલતા જતાં હતા, ત્યારે વાદળી રંગનું મોપેડ (નં. GJ 05 TS 2074) પર આવેલા બે ઈસમ તેમના નજીકથી બાઈક ચલાવતા વેપારીને દૂરથી ચાલવા કહ્યું હતું.

જે બાદ તેઓએ વેપારી સાથે બોલાચાલી વચ્ચે ધક્કામુક્કી કરી હતી. એ જ સમયે બીજી સ્પ્લેન્ડર મોટરસાઇકલ (નં. GJ 05 LT 6721) પર બે અજાણ્યા યુવક પણ આવી પહોંચ્યા. બન્નેએ વેપારી સાથે વાદવિવાદ તથા ધક્કામુક્કી કરી, એકબીજાની મદદથી વેપારીનું ધ્યાન ભટકાવ્યું હતું અને ચાલાકીથી તેમના પેન્ટના જમણા ખિસ્સામાંથી રોકડા રૂપિયા 98,000ની ચોરી કરી લીધા હતા.

ચોરો રોકડ ચોરી ઝડપથી બાઈક પર સવાર થઈ ભાગી છૂટ્યા હતા. વેપારીની બૂમાબૂમ બાદ સ્થાનિક લોકોએ મદદ કરવાનો પ્રયાસ કર્યો પરંતુ આરોપીઓ ભાગવામાં સફળ રહ્યા હતા.

ગુફરાન હુસૈન સીધા મહિધરપુરા પોલીસમથકે પહોંચી ફરિયાદ નોંધાવતા પોલીસે ચાર અજાણ્યા ઈસમ વિરુદ્ધ કાયદેસર ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે. આસપાસના વિસ્તારના CCTV કેમેરા ચકાસી આરોપીઓની ઓળખ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

પોલીસ સૂત્રોનું કહેવું છે કે ચોરીની આ રીત પહેલેથી ગોઠવેલી લાગતી હોય તેમ છે, કારણ કે પ્રથમ બાઈકસવારોએ ઝપાઝપીનું કારણ ઊભું કર્યું અને પછી બીજી બાઈક પર આવેલા સાથીઓએ તકનો લાભ લઈ પૈસા સેરવી લીધા હતા.

મનપા કર્મીઓને 8.63 કરોડનું બોનસ ચૂકવાશે

12,495 કર્મચારીઓને બોનસ મળશે, કોન્ટ્રાક્ટરોના બિલ ઝડપથી પાસ થશે

સુરતઃ શહેરના વિકાસમાં અવિરત સેવા આપી રહેલા મનપાના કર્મચારીઓને આ વર્ષે દિવાળીના તહેવાર પહેલાં ખુશખબર મળી છે. સુરત મહાનગરપાલિકા દ્વારા કુલ 12,495 કર્મચારીઓને રૂપિયા 8.63 કરોડ જેટલો બોનસ ચૂકવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બોનસ મુજબ દરેક કર્મચારીને રૂ.6,908 જેટલી રકમ મળશે. પ્રતિ વર્ષ મનપા દિવાળી તહેવારને ધ્યાનમાં રાખીને કર્મચારીઓને પ્રોત્સાહનરૂપે બોનસ ચૂકવતી હોય છે. સુરત મનપાના વર્ગ-4 ના કર્મચારીઓને આ બોનસનો લાભ મળશે.

દિવાળીનો તહેવાર નજીક આવતા જ લોકો આ તહેવાર માટે અતિ ઉત્સાહ સાથે ખરીદી કરતા હોય છે. ઘર પરિવારની જવાબદારી સાથે તહેવારો નજીક આવતા જ ખર્ચ વધી જતો હોય તેની સીધી અસર ગરીબ અને મધ્યમ વર્ગના લોકો પર પડે છે.

જેથી સુરત મહાનગરપાલિકા દ્વારા દર વર્ષે દિવાળી પહેલાં ખાસ કરીને વર્ગ-4 ના કર્મચારીને બોનસ આપે છે. આ વર્ષે પણ મનપા દ્વારા વર્ગ-4 ના કર્મચારીઓને દિવાળી પહેલાં બોનસ રૂપે કુલ રૂ.8.63 કરોડની ચૂકવણી કરવામાં આવશે. તે ઉપરાંત દર વર્ષે સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને દિવાળી પહેલાં પગાર અને પેન્શન પણ આપવામાં આવે છે, તે માટેની પણ તૈયારી ચાલી રહી છે. આ સાથે મહાનગરપાલિકાના કોન્ટ્રાક્ટરોના બિલ પાસ કરવાની પ્રક્રિયા પણ ઝડપી કરવામાં આવી છે.

રૂ.13.65 લાખના હીરાની ચોરીમાં આરોપી ઝડપાયો

આરોપી અલ્પેશ રામાણી પાસેથી 6,129 કરેટેના હીરા કબજે

સુરતઃ વરાછા હીરા બજારમાં થયેલી મોટી ઘરફોડ ચોરીની ઘટનાનો ભેદ પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી નાંખ્યો છે. પોલીસે ઉત્રાણના આરોપી અલ્પેશ રામાણીની ધરપકડ કરી તેની પાસેથી રૂ.૧૩.૬૫ લાખના હિરાનો મુદ્દામાલ રિકવર કર્યો છે.

વરાછા વિસ્તારમાં આવેલા મિનિબજાર સરદાર આવાસ કોમ્પ્લેક્સમાં ઓફિસ ધરાવતા હીરા વેપારી સંજયભાઈ કરશનભાઈ ગાબાણીની ઓફિસમાં ૨૪ સપ્ટેમ્બરની રાત્રે અજાણ્યા ચોરે શટરનું તાળું ડુપ્લિકેટ ચાવી વડે ખોલી પ્રવેશ કર્યો હતો. ઓફિસના ટેબલના ખાનાને તોડી અંદર રાખેલા કુલ ૬,૧૨૯ કેરેટના કાચા તથા તૈયાર હીરા મળી કુલ રૂ.૧૩,૬૫,૦૦૦ની ચોરી કરી હતી.

વરાછા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસના આધારે ઉત્રાણના રહેવાસી અલ્પેશ માધવજીભાઈ રામાણી (રહે., હરેકૃષ્ણા સોસાયટી, વેલંજા ગામ)ને ઝડપી લીધો હતો.

આરોપીની પૂછપરછ દરમિયાન ચોરી અંગે ખુલાસો થતાં પોલીસે તેની પાસેથી અલગ-અલગ કેરેટના કાચા તથા તૈયાર હીરા મળી કુલ ૬,૧૨૯ કેરેટના હીરા કબજે કર્યા હતા.

ડુપ્લિકેટ ચાવી બનાવી પૂર્વ કારીગરે જ ચોરી કરી હતી

આ ચોરી કોઈ અજાણ્યાએ નહીં પરંતુ પૂર્વ કારીગરે જ કરી હતી. આરોપી અલ્પેશ રામાણી અગાઉ ઓફિસમાં કારીગર તરીકે કામ કરતો હતો અને અંદરની તમામ વ્યવસ્થા અંગે માહિતગાર હતો. તેણે જ ગુનાહિત ઈરાદાથી ડુપ્લિકેટ ચાવી બનાવી ચોરી આચરી હોવાનું બહાર આવતા પોલીસે તેને દબોચી લીધો હતો.

ડુમસના દરિયા કાંઠે અશ્વોએ અનોખું આકર્ષણ જમાવ્યું

પહેલી વખત શહેરમાં અશ્વપ્રેમીઓનું ઇવેક્સટ્રીયન મીટનું આયોજન

સુરતઃ શહેરમાં શુક્રવારે વહેલી સવારે ડુમસના દરિયા કિનારે અનોખું દૃશ્ય જોવા મળ્યું હતું. અહીં શહેર તેમજ આસપાસના વિસ્તારોમાંથી અશ્વપ્રેમીઓ તેમના કદાવર અને કિંમતી ઘોડાઓ સાથે ભેગા થયા હતા. આ ઈવેક્સટ્રીયન મીટમાં મરવાડી, કાઠિયાવાડી, સિંધિ સહિતની વિવિધ પ્રજાતિના ઘોડાઓને લઈને લોકો એકઠા થયા હતા.

આયોજક આકાશ પટેલે જણાવ્યું હતું કે દશેરા પર્વે પરંપરાગત રીતે અશ્વ પૂજન કરવામાં આવે છે, પરંતુ આ વર્ષે સૌએ સાથે મળી દરિયાકિનારે ખાસ મીટઅપનું આયોજન કર્યું. આ પ્રસંગે માત્ર પૂજન જ નહીં, પરંતુ ઘોડાની સંભાળ, તાલીમ અને આરોગ્ય અંગેની માહિતીનો પરસ્પર વિનિમય પણ થયો હતો. સાથે જ વિવિધ નસલના ઘોડાઓની વિશેષતાઓ, તેમની ઓળખ અને ઉપયોગીતા અંગે માલિકોએ એકબીજા સાથે અનુભવ વહેંચ્યો હતો. મીટઅપ દરમિયાન દરિયા કિનારે સવારીઓ કાઢવામાં આવી હતી, જેમાં ઘોડાઓની દોડ, શાનદાર ચાલ અને કળા જોઈને અશ્વપ્રેમીઓ મંત્રમુગ્ધ બની ગયા હતાં.

FEDERAL BANK
YOUR PERFECT BANKING PARTNER

ફેડરલ બેંક લિમીટેડ, LCRD/અમદાવાદ વિભાગ, દુકાન નં. ૧૦૧, પહેલો માળ, સંગાથ આઈપીએલ દ્વારા સેન્ટ્રલ, પીવીઆર સિનેમાની પછી, લેક એન્ડ ગાર્ડન પાસે, મોટેરા, અમદાવાદ-૩૮૦૦૦૫, ઈમેલ : ahdlcrd@federalbank.co.in

માનનીય એડીશનલ ચીફ જુડીશીયલ મેજીસ્ટ્રેટ, માંગરોળ, જીલ્લો - સુરત, તા. ૦૩.૦૪.૨૦૨૪ ના રોજ ઓર્ડર નં. CRMA ૪૮૨/૨૦૨૩ મુજબ પ્રત્યક્ષ કબજો

આથી, **ફેડરલ બેંક લિમીટેડ** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ત્યાર બાદ એકટ તરીકે ઓળખવામાં આવેલ) તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ (ત્યાર બાદ એકટ તરીકે ઓળખવામાં આવેલ) તથા નિયમ ૩ અંતર્ગત તા. **૦૧/૦૭/૨૦૨૨** ના રોજ ઉધારકર્તાઓ **(૧). શ્રી અજીત ચંદ્રદેવ સિંઘ S/0 ચંદ્રદેવ સિંઘ, પ્રોપાઈટર અજીત સિંઘ એન્ડ કંપની, રહેણાંક :** જી-૧૨, અશોક પાર્ક એપાર્ટમેન્ટ, ડુપ્લેક્ષ સોસાયટીની સામે, દેવદિપ કોમ્પ્લેક્ષની પાછળ, નિઝામપુરા, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૦૨, **અજીત સિંઘ અને કંપની, પ્રોપાઈટરશીપ ફર્મના શ્રી અજીત ચંદ્રદેવ સિંઘ, ઓફિસ :** જી-૧૨, અશોક પાર્ક એપાર્ટમેન્ટ, ડુપ્લેક્ષ સોસાયટીની સામે, દેવદિપ કોમ્પ્લેક્ષની પાછળ, નિઝામપુરા, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૦૨, **(૨). શ્રીમતી દુર્ગેશ નંદની W/o અજીત ચંદ્રદેવ સિંઘ,** જી-૧૨, અશોક પાર્ક એપાર્ટમેન્ટ, ડુપ્લેક્ષ સોસાયટીની સામે, દેવદિપ કોમ્પ્લેક્ષની પાછળ, નિઝામપુરા, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૦૨, **(૩). શ્રી ચંદ્રદેવ ગોરેલાલ સિંઘ S/0 ગોરેલાલ જયલાલ સિંઘ, રહેણાંક :** ૬૦૫/૬૦૬, આંબાવાડી, તરસાડી, માંગરોળ, સુરત, ગુજરાત - ૩૯૪૧૨૦ નોટીસમાં દર્શાવેલ રકમ રૂા. ૦૬,૫૯,૧૨૭.૧૪ (રૂા. છોત્તેર લાખ ઓગણસાઠીઠ હજાર એકસો સત્યાવીસ અને ચૌદ પૈસા પુરા), વાર્ષિક ૧૭.૬૦% વ્યાજ સાથે તા. ૦૧.૦૭.૨૦૨૨ થી માસિક બાકી રકમ વત્તા તમારા સંયુકત રીતે અને અલગ અલગ ખર્ચ, બેંકની વડોદરા / મકરપુરા શાખા સાથે, ઉપરોકત નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર ચુકવવા પડશે.

ઉધારકર્તાઓ ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૦૨.૧૦.૨૦૨૫** ના રોજ નીચે જણાવેલ મિલકતનો કબજો લઈ લીધેલ છે.

"સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાઓનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે." (મુકરર મિલકતો).

ઉધારકર્તાઓને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **ફેડરલ બેંક લિમીટેડ** ની રકમ **રૂા. ૦૫,૩૨,૮૮૯/- (રૂા. પંચોતેર લાખ બત્રીસ હજાર આઠસો નેવ્યાસી પુરા)** તા. ૦૨.૧૦.૨૦૨૫ ના રોજ તમારા લોન એકાઉન્ટ નં. ૧૮૦૬૫૫૦૦૦૦૦૧૭૨ હેઠળ તમારા તરફથી બાકી રકમ વત્તા અન્ય ચાર્જીસ, કોસ્ટ અને વ્યાજ સાથે બોજાને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો પ્લોટ નં. ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧ અને ૪૨, કુલ ક્ષેત્રફળ ૪૫૫.૨૫ સ્કે.મી. બાંધકામ સાથે, નિલકંઠ સોસાયટી થી જાણીતી સ્કીમ, જમીનનો આર.એસ. નં. ૪૨૩, મોજે - તરસાડી, તાલુકો - માંગરોળ, જીલ્લો - સુરત, ગુજરાત. **ચતુઃસીમા :- પૂર્વે :** જાહેર રોડ, **પશ્ચિમે :** આર.એસ. નં. ૪૨૩ ના અન્ય પ્લોટ, આર.એસ. નં. ૪૨૩ ની માર્જીન જમીન છોડીને, **ઉત્તરે :** જાહેર રોડની જમીન, **દક્ષિણે :** આર.એસ. નં. ૪૨૮ ની જમીન, આર.એસ. નં. ૪૨૩ની ખુલ્લી જમીન છોડીને.

તારીખ : ૦૨.૧૦.૨૦૨૫ **અધિકૃત અધિકારી,**
સ્થળ : માંગરોળ **ફેડરલ બેંક લિમીટેડ**

જોઈએ છે

શ્રી ભારતીય વિદ્યા મંડળ, રામ કબીર શૈક્ષણિક સંકુલ, કામરેજ ચાર રસ્તા, જિ સુરત સંચાલિત શ્રી જે. એસ. ભક્ત અને શ્રી કે. એમ. ભક્ત આર્ટસ, શ્રી એ. અન. શાહ સાયન્સ અને શ્રી એન. એફ. શાહ કોમર્સ કોલેજમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીનાં પત્રક્રમાંક ક્વટ / ISC-3/વર્ગ - 3 / NOC / 20597-98 તાઃ 23/09/2025 નાં પત્રથી નીચે મુજબની જગ્યાઓ સીધી ભરતીથી પાંચ વર્ષના ફિક્સ પગારથી ભરવાની થાય છે.

ક્રમ	મંજૂર કરેલ જગ્યાનું નામ	મંજૂર કરેલ જગ્યાની સંખ્યા	અનામત કેટેગરી	વય મર્યાદા
૧	હેડક્લાર્ક	૦૧	OPEN	ગુજરાત સરકાર અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નિયમો મુજબ
૨	સ્ટોરકીપર	૦૧	OPEN	

**સદર જગ્યા રાજ્ય સરકારશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, સામાન્ય વહીવટી વિભાગ તથા નાણા વિભાગના ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ ભરવાની થશે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના લેખિત પરીક્ષાના અભ્યાસક્રમના માળખા મુજબ લેખિત પરીક્ષા આપવાની રહેશે. રાજ્ય સરકારશ્રીની માન્ય યુનિવર્સીટીમાંથી સ્નાતક પાસ કરેલ હોવા જોઈએ અને કોમ્પ્યુટરનું જ્ઞાન આવશ્યક છે. રાજ્ય સરકારશ્રીનાં ધારા ધોરણ અનુસાર આ જગ્યા પાંચ વર્ષ માટે ફિક્સ પ